# એસ. વી. પ્રિ-સ્કૂલમાં પ્રવેશોત્સવ ઉજવણી



નવા શૈક્ષણિક સત્રની શરૂઆત સાથે જ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. વી. પ્રી-સ્કૂલમાં શાળાના પ્રથમ દિવસે શાળા પરિવારે તમામ બાળકોને કુમકુમ તિલક કરી, ચોકલેટથી મોઢું મીઠું કરાવી, સ્માઈલી આપી સ્વાગત કર્યું હતું. શાળાના પ્રિન્સિપાલ જિજ્ઞા દર્પણ બુચે બાળકોને મા સરસ્વતીનું પૂજન કરાવી, આશીર્વાદ પાઠવ્યા હતા. નવી સ્કૂલ બેગ સાથે, નવા યુનિફોર્મમાં સજ્જ થઈ, બાળકોએ ઉત્સાહભેર આ પ્રવેશોત્સવને માણ્યો હતો. વાલીઓએ પણ સ્કૂલ મેનેજમેન્ટના આ નવતર પ્રયોગને બિરદાવી, શાળા પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.

## એસ. કે. પટેલ સ્કૂલમાં ઉજવાયો વેલકમ ડે




સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ કે પટેલ સ્કૂલમાં જુનિયરના બાળકોને બલૂન તથા સિનિયરનાં બાળકોને પામ પ્રિન્ટીંગની પ્રવૃત્તિના માધ્યમથી આવકારવામાં આવ્યાં હતાં.



પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલયના ગુજરાત ઝોનનાં ડિરેક્ટર સરલાદીદીના અવસાન બાદ સૅક્ટર-૨૮ કેન્દ્ર ખાતે શાંતિ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સભામાં રાજ્યના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, પૂર્વ મંત્રી વાડીભાઈ પટેલ, પૂર્વ આઈજીપી મીરા રામનિવાસ, ગાંધીનગર વસાહત મંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ, ઉદ્યોગપતિ દિનેશભાઈ ચાવડા, કૅપિટલ ઑફસૅટ-કૅપિટલ વર્તમાન દૈનિકના માલિક રમેશભાઈ પટેલ, ઓમ શાંતિ સ્કૂલના ટી ડી પટેલ, બર્કલેય બેન્કના પૂર્વ વાઈસ પ્રેસિડેન્ટ રશ્મિકાંત આચાર્ય, પૂર્વ સુપ્રિટેન્ડન્ટ ઍન્જિનીયર પી પી જેઠવા, પૂર્વ ડેપ્યુટી સૅક્રેટરી રસિકભાઈ કટારા, પૂર્વ ઍક્ઝિક્યુટિવ ઍન્જિનીયર નવીનભાઈ પટેલ સહિત અનેક ગણમાન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ સાથે જ ચિલોડા, ઊર્જાનગર, સેક્ટર-૨, સરગાસણ, સરઢવ, સેક્ટર-૩૦ અને સેક્ટર-૫ સેવા કેન્દ્રો ખાતે પણ સરલાદીદીને શ્રદ્ધાંજલી અર્પવા શાંતિ સભા યોજવામાં આવી હતી.



ગાંધીનગર જિલ્લાના માણસા નગરમાં સ્થિત આંગણવાડી નં.-૧૫માં સુપોષિત કિશોર-કિશોરી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.

આ ઉજવણી દરમિયાન રસોઈ શો, પોષણ જાગૃતિ રેલી, કિચન ગાર્ડન સભાનતા કાર્યક્રમ, પૌષ્ટિક વાનગી હરિફાઈ, માટીનાં વાસણ-કૂંડાં સુશોભન, મહેંદી સ્પર્ધા, રમતગમત સ્પર્ધા, ફૂલ સુશોભન અને લોહ તત્ત્વની ગોળીનું વિતરણ જેવા અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આંગણવાડી કાર્યકર હેતલબેન પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ અભિપ્રેરણીય રહ્યો હતો.

## જન્મદિને વધામણી



દક્ષાબેન જે શ્રીમાળી
મો. ૯૩૨૭૯ ૯૩૯૦૮



આશિષકુમાર જે બરંડા




માનવ વિપુલકુમાર રાઠોડ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# શનિવારે અમદાવાદમાં સાહિત્યસફર કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૧

ઓમ કૉમ્યુનિકેશન દ્વારા સંદીપ પટેલ (ફિલ્મ દિગ્દર્શક), સંજય શાહ 'જેકી' (ફિલ્મ નિર્માતા)ના સહયોગથી તારીખ ૧૪ જૂનને શુક્રવારના રોજ સાંજે ૫-૩૦ કલાકે આત્મા હૉલ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે નાટ્યકાર, વિવેચક, બાળ સાહિત્યકાર જનક દવેના ૯૦મા જન્મદિન પ્રસંગે 'શબ્દજયોતિ' શીર્ષક હેઠળ સાહિત્યસફર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સાહિત્યકાર જનક દવે પોતાનાં જીવન-કવન વિશે વક્તવ્ય આપશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક 'શ્વેત' દ્વારા કરવામાં આવશે.



આ પ્રસંગે ગુજરાત કોલેજ નાટ્યવિદ્યા વિભાગના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, નાટ્યપ્રેમીઓ, સાહિત્યકારો તેમજ સાહિત્યરસિકો ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમને માણવા કોઈપણ પ્રવેશ ફી રાખવામાં આવી નથી, સૌ સાહિત્યરસિકોને કાર્યક્રમ માણવા માટે સંસ્થા દ્વારા ઈજન પાઠવવામાં આવ્યું છે.

# ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં શાળા પ્રવેશોત્સવ



ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ, લેકાવાડા ખાતે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળા પરિવાર દ્વારા દરેક બાળકને કુમકુમ તિલક કરી શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. ત્યારબાદ વિદ્યાની દેવી મા સરસ્વતીની પ્રાર્થના કરી સામુહિક યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. યજ્ઞના મુખ્ય યજમાન તરીકે ટ્રસ્ટી કિનાબેન પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં.

# ગુજરાત યુનિ. સંલગ્ન કૉલેજોમાં ૧૩૧૦૭ બેઠકો ખાલી

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બીકોમ, બીબીએ-બીસએસ સહિતની કોલેજોમાં પ્રવેશ માટે કેટલાય દિવસથી ચાલતી કાર્યવાહી અંતર્ગત સોમવારે વિદ્યાર્થીને કોલેજની ફાળવણી કરી દેવાઈ છે. પહેલા રાઉન્ડમાં જ બીકોમમાં સૌથી વધુ ૧૨૧૩૯ બેઠક ખાલી પડી છે. તમામ કોર્સની મળીને ૧૩૧૦૭ બેઠક ખાલી રહી છે. આ ખાલી પડેલી બેઠક માટે હવે રિશફલિંગમાં તા.૧૬મીથી કાર્યવાહી શરૂ કરાશે.

યુનિવર્સિટી દ્વારા ચાલુ વર્ષે પ્રવેશ પ્રક્રિયાનો એક જ ઓનલાઈન રાઉન્ડની જાહેરાત કરાઈ હતી. વિદ્યાર્થીઓના વિરોધ વચ્ચે હવે એક રિશફલિંગ રાઉન્ડ કરવાનું નક્કી કરાયું છે. પહેલાં રાઉન્ડમાં તમામ પાંચ કોર્સની મળીને ૪૬ હજાર બેઠક માટે કાર્યવાહી હાથ ધરાઈ હતી. આ બેઠક માટે કુલ ૩૩૮૦૦ વિદ્યાર્થીએ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. સોમવારે પ્રવેશ સમિતિ દ્વારા પ્રથમ રાઉન્ડમાં વિદ્યાર્થીઓએ આપેલી ચોઈસના આધારે કોલેજની ફાળવણી કરી દેવાઈ છે. પ્રવેશ સમિતિના સૂત્રો કહે છે કુલ ૩૩૮૦૦ પૈકી ૪૦૦ વિદ્યાર્થી એવા છે કે જેઓએ પોતાના માર્કસ પ્રમાણે જે કોલેજ મળવી જોઈએ તેના કરતાં ઊંચી ચોઈસ ભરી હતી જેના કારણે તેમને કોલેજ ફાળવવામાં આવી નથી. એટલે કે હાલ પહેલા રા?ઉન્ડમાં અંદાજે ૩૩૪૦૦ જેટલા વિદ્યાર્થીને કોલેજની ફાળવણી કરી દેવામાં આવી છે. આમ, પહેલા રાઉન્ડના અંતે ૧૩ હજારથી વધારે બેઠક ખાલી પડી છે. હાલમાં જે વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવાયો છે તેઓએ આગામી બે દિવસમાં કોલેજમાં જઈને પ્રવેશ કન્ફર્મ કરાવવાનો રહેશે. પહેલા રાઉન્ડમાં ખાલી પડનારી બેઠકની વિગતો આગામી તા.૧૫મીના રોજ જાહેર કરાશે. જેના આધારે તા.૧૬મી રિશફલિંગની પ્રક્રિયા શરૂ કરાશે. જે વિદ્યાર્થીએ હાલમાં પ્રવેશ મળ્યો છે તેમાં પ્રવેશ ઈચ્છતા ન હોય અને રિશફલિંગમાં જવા ઈચ્છતાં હોય તેઓએ રિશફલિંગમાં જવા માટેની સંમતિ આપવાની રહેશે.

સૂત્રો કહે છે હાલમાં જેટલા વિદ્યાર્થીએ પ્રવેશ માટે દરખાસ્ત કરી હતી તે પૈકી મોટાભાગના વિદ્યાર્થીઓનો સમાવેશ કરી દેવાયો છે. હવે રિશફલિંગમાં પણ આ જ વિદ્યાર્થી ભાગ લેવાના હોવાથી ૧૩ હજાર બેઠક ખાલી પડશે તે નિશ્ચિત થયું છે.

યુનિવર્સિટી દ્વારા હાથ ધરાયેલી પ્રવેશ પ્રક્રિયામાં સરકારી કોલેજમાં કુલ ૪૧૨૫ બેઠક પૈકી માત્ર ૨૨૬ બેઠક ખાલી પડી છે. આ જ રીતે ગ્રાન્ટેડ કોલેજોમાં ૬૧૯૧ બેઠક ખાલી પડી છે. પરંતુ સૌથી વધુ બેઠક સ્વનિર્ભર કોલેજોમાં ખાલી પડી છે. સ્વનિર્ભર કોલેજોમાં કુલ ૨૦૧૫૨ બેઠકની સામે માત્ર ૧૨૪૭૨ વિદ્યાર્થીએ પ્રવેશ લેતાં ૬૬૯૦ બેઠક ખાલી પડી છે. બીજા રાઉન્ડમાં પૂરક પરીક્ષામાં પાસ થનારા વિદ્યાર્થીને તક આપવામાં આવે તો પણ સૌથી પહેલા ગ્રાન્ટેડ કોલેજોની ખાલી પડેલી ૬૧૯૧ બેઠક ભરાઈ તેમ છે. આ સ્થિતિમાં સ્વનિર્ભર કોલેજોમાં મોટાપાયે બેઠક ખાલી રહેશે તેવું પ્રવેશ સમિતિના સભ્યો માને છે.

# ગાંધીજીનો વિનોદ

॥ ૫૪મો મણકો ॥

### ૧૩૪ - પંખી જેટલો આનંદી

ગાંધીજીના જીવનમાં અંગ્રેજો પ્રત્યે સહેજ પણ કડવાશ નહોતી. બ્રિટિશ સંસ્થાનવાદનો તેઓ નાશ ઈચ્છતા હતા. પણ અંગ્રેજો પ્રત્યે તેમને પ્રેમ હતો. અંગ્રેજ શાસકોએ તેમને અનેક વાર જેલમાં પૂર્યા હતા, છતાં તેમના પ્રત્યે ઈર્ષા કે દ્વેષ નહોતો.




જેલમાંથી તેમણે ઍન્ડ્રુઝને લખ્યું હતું, 'હું પંખીઓ જેટલો આનંદી છું.'

### ૧૩૫ - ઘોડા જેવી તબિયત

ગાંધીજી વિદ્યાપીઠમાં બાઈબલના વર્ગો લેતા હતા ત્યારે વિદ્યાર્થીઓ ઉપરાંત બહારનાં ભાઈબહેનો પણ તેમને સાંભળવા વિદ્યાપીઠમાં આવતાં. બાઈબલમાં જિસસના ગિરિપ્રવચનોનુંત મહત્ત્વ ઘણું છે. ગાંધીજી તેના પર ભાષ્ય કરતા. એક વિધાનના ભાષ્ય કરતાં જેમનું જીવન ગિરિપ્રવચન કરનાર જેવું હતું. તેમની વાણી વધુ હૃદયસ્પર્શી હતી.

ગાંધીજીએ હજુ પોતાનું પ્રવચન શરૂ કર્યું નહોતું, તે પહેલાં તેમના પરિચયમાં આવેલાં એક બહેને પૂછ્યું,

બાપુ, આપની તબિયત કેમ છે ?

તમને કેવી લાગે છે ? જુઓ.

ઘોડા જેવી સરસ છે ને ? ગાંધીજી હસતાં હસતાં બોલ્યા.

એ સાંભળી પ્રવચન સાંભળવા આવેલાં સૌ ભાઈબહેનોનાં મોં પર હાસ્યની લહરી ફરી વળી.

### ૧૩૬ - ડાબા હાથે રમીશ

આગાખાન મહેલની એકાંત જેલમાં ગાંધીજી સાથે સરોજિની નાયડુ, મીરાંબહેન, પ્યારેલાલજી, કસ્તૂરબા વગેરે હતાં. મીરાંબહેન અને સરોજિની નાયડુ સાંજે કેટલીક રમતો પણ રમતાં. ગાંધીજી તેમને રમતાં જોવામાં રસ લેતા અને થોડો સમય તેમાં ગાળતા. એક દિવસ સરોજિની નાયડુએ ગાંધીજીને પોતાની સાથે બૅડમિન્ટન રમવાનો આગ્રહ રાખ્યો.

ગાંધીજી રમવા તૈયાર થયા અને સરોજિની નાયડુને રમૂજમાં કહ્યું, હું જિંદગીમાં બૅડમિન્ટન રમ્યો નથી પણ તમને તો હરાવી દઈશ.

બૅડમિન્ટન રમતાં રૅકેટ કયા હાથે પકડવું તે ગાંધીજી જાણતા નહોતા એટલે તેમણે સરોજિની નાયડુનું અનુકરણ કર્યું અને ડાબા હાથે રમવા લાગ્યા.


ગાંધીજીને ડાબા હાથે રમતા જોઈ તે હસ્યાં અને બોલ્યાં, બાપુ. તમે ડાબા હાથે રૅકેટ પકડ્યું એ ખોટું છે.

ગાંધીજી : પણ તમે કેમ ડાબા હાથે રમો છો ?

સરોજિની : મારો જમણો ખભો આજે દુખે છે, તેથી હું ડાબા હાથે રમું છું.

ગાંધીજી ખુશમિજાજમાં હતા. પોતાની હાર સ્વીકારે એમ નહોતા. તેમણે કહ્યું, હું સ્ત્રીની લાચારીનો લાભ ઉઠાવવા માગતો નથી, તેથી હું ડાબા હાથે જ રમીશ.

આગાખાન મહેલની જેલમાં આવા વિનોદો પણ ચાલતા હતા.



'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર

# આયુર્વેદ અને હોમિયોપેથીમાં પ્રવેશ હેતુ આર્થિક અનામતના અમલ માટે અવઢવ

ગાંધીનગર, તા. ૧૧

ધો.૧૨ પછી મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશ માટે લેવાયેલી નીટનું પરિણામ જાહેર થઈ ચુક્યું છે. પરંતુ હજુ સુધી નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા પ્રવેશ સમિતિના પરિણામની સીડી સુપરત કરવામાં ન આવતાં કાર્યવાહી ક્યારે શરૂ થશે તે અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. અલબત્ત, ચર્ચા એવી છે કે તા.૧૫મી સુધીમાં રજિસ્ટ્રેશન સહિતના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા છે. બીજી બાજુ હજુ સુધી આયુર્વેદ અને હોમિયોપથીમાં EWS લાગુ કરવા અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં ન આવતાં વિદ્યાર્થીઓમાં દ્વિધાભરી સ્થિતિ ઊભી થઈ છે.

મેડિકલમાં પ્રવેશ માટે હાલમાં ૪૬૫૦ બેઠકો ઉપલબ્ધ છે. જેની સામે EWSમાં ૧૧૫૦ બેઠકોની માંગણી કરવામાં આવી છે. આ બેઠક વધતાં કુલ ૫૮૦૦ બેઠકો માટે કાર્યવાહી કરવામાં આવશે. આ જ રીતે ડેન્ટલમાં ૧૧૫૫ બેઠકો ઉપલબ્ધ છે. જેની સામે EWSમાં ૧૮૦ બેઠકો વધતા ૧૩૫૫ બેઠકો માટે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

પ્રવેશ સમિતિના સૂત્રો કહે છે હાલમાં આયુર્વેદ અને હોમિયોપથીમાં પ્રવેશ માટે EWS લાગુ કરવામાં આવશે કે નહીં તે અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. જેના કારણે આ બન્ને કોર્સમાં EWSમાં કેટલી બેઠકો વધશે તે અંગે કોઈ સ્પષ્ટતા થઈ નથી. જે વિદ્યાર્થીઓ માત્ર આ બે કોર્સમાં પ્રવેશ ઈચ્છે છે તેઓ આ બન્ને કોર્સમાં EWS લાગુ થાય અને કેટલી બેઠક વધે છે તેની જાહેરાત થાય તેની રાહ જોઈ રહ્યા છે. નીટ લેનારી સંસ્થા નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા હજુ સુધી વિદ્યાર્થીઓના માર્કશીટની સીડી સુપરત કરવામાં આવી નથી. આગામી બે દિવસમાં આ સીડી મળે તેવી શક્યતા છે. સીડી આવ્યા બાદ પ્રવેશ પ્રક્રિયા માટે ક્યારથી પીન વિતરણ કરાશે તે સહિતના કાર્યક્રમોની જાહેરાત કરવામાં આવશે.

કાળાનાણાં પર નજર રાખવા અને ડિજિટલ ટ્રાન્ઝેક્શનને વધારવા માટે

# વર્ષમાં ૧૦ લાખથી વધુના રોકડ ઉપાડ પર ટેક્સની વિચારણા

ગાંધીનગર, તા. ૧૧

કેન્દ્ર સરકાર વર્ષમાં ૧૦ લાખ રૂપિયાથી વધારે રોકડ રકમ બૅંક એકાઉન્ટમાંથી કાઢનાર પર ટેક્સ લગાવવા માટે વિચારી રહી છે. આ પગલું પેપર કરન્સીનો ઉપયોગ ઘટાડવા માટે, કાળાનાણાં પર નજર રાખવા માટે અને લેણ-દેણમાં ડિજિટલ ટ્રાન્ઝેક્શનનો વધારવા માટે લેવામાં આવી શકે છે. સરકાર આ પ્રસ્તાવ પર પણ વિચાર કરી રહી છે કે વધારે રકમ કાઢવા પર આધાર કાર્ડ જરૂરી કરવામાં આવે. સરકારને લાગે છે કે તેનાથી વ્યક્તિને ટ્રેક કરવામાં અને તેના ટેક્સ રિટર્ન સાથે મેળવવામાં સરળતા રહેશે. અત્યારે ૫૦ હજાર રૂપિયાથી વધારે રકમ જમા કરવા પર પાન કાર્ડ આપવું જરૂરી છે. સરકાર માત્ર આધાર કાર્ડ નંબર જ નહી પણ OTP દ્વારા એ નક્કી કરશે કે આધાર નંબરનો દુરૂઉપયોગ ના થાય. સરકારનું માનવું છે કે મોટા ભાગની વ્યક્તિઓ અને કંપનીઓને વર્ષ દરમિયાન ૧૦ લાખ રૂપિયાથી વધારે રોકડ રકમ કાઢવાની જરૂરીયાત પડતી નથી.

આ તમામ પ્રસ્તાવ પર પાંચ જુલાઈએ બજેટ જાહેર થવા પહેલા ચર્ચા થઈ રહી છે. અત્યાર સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. ગયા અઠવાડિયે જ RBIએ જાહેરાત કરી હતી કે NEFT અને RTGS ટ્રાન્સફર પર બેન્ક દ્વારા કોઈ ચાર્જ નહી વસુલવામાં આવે. કાર્ડના ઉપયોગ કરવા પર લાગતો ચાર્જ પણ ખત્મ થઈ શકે છે.

પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહના નેતૃત્વવાળી UPA સરકારે ૨૦૦૫માં રોકડ વ્યવહાર પર ટેક્સ લગાવ્યો હતો પણ વિરોધ પછી તેને પાછો લેવો પડ્યો હતો. ૨૦૧૬માં મુખ્યમંત્રીઓની એક ઉચ્ચસ્તરીય પેનલે ૫૦ હજાર રૂપયિાથી વધારે રોકડ રકમ કાઢવા પર ટેક્સની તરફેણ કરવામાં આવી હતી.